# ગંગાજળીયા તળાવમાં રૂપાલી ગેસ્ટ હાઉસ વાળા જર્જરિત બિલ્ડીંગનું ડીમોલેશન



શહેરમાં પ્રધાનમંત્રી ઈ-બસ સેવા અંતર્ગત કુલ ૧૭ રૂટો પર બસો દોડવાની તૈયારીઓ ચાલી રહી છે, તેને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા તળાવ વિસ્તાર જર્જરિત બિલ્ડીંગ ઉતારી લેવાઈ હતી.રૂપાળી ગેસ્ટ હાઉસ વાળુ બિલ્ડીંગ લાંબા સમયથી જર્જરિત અવસ્થામાં હોવા છતાં તેને દૂર નહીં કરતા આખરે બુધવારે કોપોરેશન તંત્ર દ્વારા ડીમોલેશન કરાયું હતું. તેમજ આસપાસ વિસ્તારમાં ટ્રાફિક અને દબાણ હટાવવાની સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી, અને આગામી સમયમાં બીજા રુટ પર દબાણો હટાવવામાં આવશે.

# તળાજામાં દેશી દારૂના પીઠા પર મહિલા રેડ, બુટલેગર ભાગ્યો!

## દોડતી થયેલી પોલીસે દારૂ અને બાઈક જપ્ત કર્યા

ભાવનગર,તા.૨૨

ભાવનગર શહેર જિલ્લામાં અસામાજિક પ્રવુતિઓ પાર પોલીસ વડાએ લાલ આન્ખગ કરી છે ત્યારે કેટલાક પોલીસ અમલદારોએ ના છૂટકે પણ કાર્યવાહી કરવી પડી રહી છે જયારે જનતા પણ જાગૃત થતા અને હિંમત કેળવી દારૂની બદી સામે અવાજ ઉઠાવી રહી છે, તળાજામાં આવા જ એક કિસ્સામાં મહિલાઓએ મામલો હાથમાં લેતા જ પોલીસ દોડતી થઈ હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ તળાજાના દિનદયાળ નગર વિસ્તારમાં મહિલાઓએ દેશી દારૂના વેચાણ સામે જનતા રેડ કરી હતી. મહિલાઓના વિરોધને કારણે દારૂ વેચનાર બુટલેગર સ્થળ પરથી ભાગી ગયો હતો. આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા.મહિલાઓએ આક્ષેપ કર્યો હતો કે આ વિસ્તારમાં નિયમિતપણે દેશી દારૂનું વેચાણ થાય છે, જેના કારણે સ્થાનિક રહેવાસીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. બીજી બાજુ ઘટનાની જાણ થતાં જ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે ઘટનાસ્થળેથી એક બાઈક અને દેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# યુનિ. ગ્રાઉન્ડમાં જનતા રેડ બાદ પોલીસે NDPS હેઠળ ગુનો દાખલ કર્યો

## એનએસયુઆઈ ની રેડમ ગંબીજો મળી આવ્યો હતો,બાઈકચાલકની શોધખોળ શરૂ

ભાવનગર,તા.૨૨

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી ગ્રાઉન્ડમાં નશાકારક ગાંજાનું વેંચાણ થતુ હોવાની ફરીયાદને લઈ NSUIના કાર્યકર્તાઓએ રેડ કરતા બાઈક સાથે ઉભેલા બે શખસો નાસી છુટયા હતા. દરમિયાન બાઈકની તપાસ કરતા સીટ નીચે છુપાવેલો લીલો ગાંજો મળી આવતા પોલીસને જાણ કરી હતી.આ મામલે બાઈક ચાલક સામે નિલમબાગ NDPS હેઠળ ગુનો દાખલ કર્યો છે. જ્યારે પોલીસે બાઈક ચાલકને પકડવાની તજવીજ હાથ ધરી છે.

બે દિવસ પૂર્વે ભાવનગર NSUI દ્વારા વ્યસન અને ડ્રગ્સ મુક્તિના કેમ્પનું આયોજન કર્યું હતું, જે કાર્યક્રમ પુર્ણ થતા NSUI કાર્યકર્તાઓને માહિતી મળી હતી કે, ભાવનગર યુનિવર્સિટી કંમ્પાઉન્ડ ક્રિકેટ ગ્રાઉન્ડ સામે આવેલ બાસ્કેટબોલ ગ્રાઉન્ડ પાછળ અમુક શખ્સો ગાંજાનું સેવન અને વેચાણ કરી રહયા છે. જે આધારે રેડ કરતા બે શખ્સ બાઈક મુકી નાસી છુટયા હતા.જ્યારે તપાસ કરતા બાઈકની નીચે સીટમાં છુપાવેલો લીલો ગાંજો મળી આવતા પોલીસને જાણ કરી હતી. ત્યારે નિલમબાગ પોલીસ સ્ટેશનના પીએસઆઈ ભલગરીયા સહિતનો પોલીસ સ્ટાફ દોડી ગયો હતો. અને તપાસ હાથ ધરી બાઈક નંબર જીજે. ૦૪. ઈબી- ૪૧૧૯ કબ્જે લઈ કાળી કોથળીમાં રહેલો લીલો ગાંજો ૨૦ ગ્રામ કિંમત રૂા.૧૦૦૦ નો કબ્જે કર્યો હતો.આ બનાવ અંગે નિલમબાગ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર એમ.આર.ભલગરીયાએ નિલમબાગ પોલીસ સ્ટેશનમાં બાઈક નંબર જીજે. ૦૪. ઈબી-૪૧૧૯ ના ચાલક સામે ગુન્હો દાખલ કરાવતા પોલીસે NDPS એક્ટની કલમ હેઠળ ગુન્હો દાખલ કરી બાઈક ચાલકને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરાઈ છે.

# સ્ક્રેપના વેપારીના બંગલામાં પતિ પત્ની અને સાસુએ મળી તસ્કરી કરી, ચોરાઉ દાગીના સોની વેપારીએ ખરીદી લીધા

## શિશુવિહાર વિસ્તારમાં થેલી ચોરીના મામલે બે મહિલા સહીત ત્રણની ધરપકડ, રૂ. ૫.૬૩ લાખનો મુદામાલ રિકવર ; અન્ય ઘરેણાં વોરાબજારમાં ગુંજન જવેલર્સમાં વેચ્યાની કબૂલાત




ભાવનગર,તા.૨૨

ભાવનગર શહેરના શિશુવિહાર વિસ્તારમાં આવેલા ઈનાયા બિલ્ડીંગમાં રહેતા અને સ્ક્રેપનો વેપાર કરતા મહમદ આસીફ અબ્દુલગની ફતાણીએ ફરીયાદ નોંધાવી હતી કે, ગત તા. ૮ના રોજ તેઓ પરિવાર સાથે વડોદરા લગ્ન પ્રસંગે ગયા હતા તે વેળાએ તેઓના ઘરેથી સોના ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂા. ૯.૫૦ લાખની ચોરી થવા પામી હતી. તેઓના ઘરે લાગેલા સીસીટીવી કેમેરા ચેક કરતા બે બુરખાવાળી મહિલા ફુટેજમાં જોવા મળી હતી. ઉક્ત મામલે ઘોઘારોડ પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

દરમિયાન ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ સ્ટાફ શહેર વિસ્તારમાં વણશોધાયેલ મિલકત સંબંધી ગુન્હાઓના શકદારોની તપાસમાં હતાં. તે દરમ્યાન બાતમી મળેલ કે, ક્રેસન્ટ, વનિતા વિશ્રામની પાછળના ભાગે ડોન ચોક તરફ જવાના રોડ પાસે એકટીવા સ્કુટર રજી.નંબર-જી- ૦૪-ડીજી ૬૯૭૬ સાથે એક પુરૂષ તથા બે મહિલાઓ કાળા કલરના બુરખા પહેરીને ઉભા છે. જે ત્રણેય જણાં પાસે સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ છે. જે તેઓ કયાંકથી ચોરી અગર તો છળ કપટથી લાવેલ હોવાની શંકા છે.

મળેલી બાતમી આધારે તપાસ કરતાં તૌશીફ શમસીરભાઈ હમીદાણી (ઉ.વ.૩૧), રૂકસારબેન તૌશીક્ભાઈ શમસીરભાઈ હમીદાણી (ઉ.વ.૨૨ રહે.બંને રાણીકા, ભાંગના કારખાના પાસે, ભાવનગર. હાલ- સંચીત નીવાસ, ઈન્ડીયા ટ્રાવેલ્સની સામે, રૂવાપરી રોડ,ભાવનગર), આયશાબેન તોફીકભાઈ શમસીરભાઈ હમીદાણી (ઉ.વ.૩૨ રહે. રાણીકા, ભાંગના કારખાના પાસે, ભાવનગર)મળી આવતા અટક કરી તેના કબજામાં રહેલા મુદામાલ બાબતે પુછપરછ કરતા આજથી આશરે પંદરેક દિવસ પહેલાં તૌશિફે અગાઉ તેના બા તથા આયશાબેન શિશુવિહાર સર્કલ, નવી માણેકવાડીમાં આવેલ ઈનાયા બિલ્ડીંગમાં રહેતાં આશિક્ભાઈ ફતાણીના ઘરે કામ કરવા જતાં હતાં. તેના ફ્લેટની લાઈટો બંધ હોવાની બે દિવસ રેકી કરીને તેઓ બહારગામ ગયેલ હોવાની ખબર પડતાં બારેક દિવસ પહેલાં ચોરી કરવા જવાનો પ્લાન બનાવી આયશાબેન તથા રૂકસારબેન બંનેએ કાળા કલરના બુરખાઓ પહેરીને નકાબ બાંધીને કોઈ ઓળખી ન શકે તે રીતે રાત્રીના સાડા નવેક વાગ્યાની આસપાસ ભાડે રિક્ષા કરીને તથા તૌશીફે ઉપરોકત સ્કુટરમાં ભાવનગર, શિશુવિહાર સર્કલ,નવી માણેકવાડીમાં આવેલ ઈનાયા બિલ્ડીંગમાં બંને મહિલાઓએ લીફ્ટથી ઉપર જઈ આશિક્ભાઈના ફ્લેટના દરવાજે રૂખસારબેન ઉભા રહેલ અને ફ્લેટની નીચેના ભાગે સામે રોડ ઉપર તૌશિક એકટીવા લઈને ધ્યાન રાખવા માટે ઉભા રહેલ અને આયશાબેન અગાશીમાંથી ગેલેરીમાં થઈ સ્લાઈડીંગ બારી ખોલી ફ્લેટનો દરવાજો ખોલી રૂકસારબેનને ફ્લેટમાં બોલાવી કબાટની ચાવી કયાં રાખતા હોવાની ખબર હોવાથી ચાવીથી કબાટ ખોલી તેમાંથી સોના ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી હતી. જે પૈકી સોનાના દાગીના વોરાબજાર પાસે ગુંજન જવેલર્સ ધરાવતા ભુપેનભાઈ કુકડીયાને રૂા. ૨.૦૪ લાખમાં વેંચી દીધાની કબુલાત આપી હતી. જ્યારે રોકડ, એક મોબાઈલ, ચાંદીનો ચેઈન, ઈમિટેશનની બંગડી જોડ-૦૧, બ્રેસલેટ-૦૧, વીંટી-૧ કિ.રૂ.૧૦૦, પેન્ડન્ટ સહિતની બુટ્ટી જોડ-૦૧, પેન્ડન્ટ સહિતનો ચેઈન-૦૧ (ઈ. મિટેશનનો પાતળો ચેઈન-૦૧ મળી કુલ રૂ.૫,૬૩,૫૦૦ નો મુદ્દામાલ કબજે લઈ તમામ સામે કાયદેસર કાર્યવાહી કરી ઘોઘારોડ પોલીસ મથકમાં સોંપી આપ્યા હતા

# પ્રજાસતાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણીમાં ભાવનગરના કલાકારો રજૂ કરશે મલ્ટીમીડિયા શો



ભાવનગર,તા.૨૨

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ૨૬ જાન્યુ-૨૦૨૬ને સોમવારે ૭૭માં પ્રજાસત્તાકદિનની શાનદાર ઉજવણી કરવામાં આવનાર છે, તેની પૂર્વ સંધ્યાએ તા.૨૫ને રવિવારનાં રોજ ૨૦૦ કલાકારો દ્વારા સરહદનો નાદ નૂતન વાવ થરાદ થીમ પર આધારિત મલ્ટીમીડિયા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ ગુજરાત રાજ્ય રમત ગમત અને યુવા સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ ગાંધીનગર દ્વારા ભાવેણાનું ગૌરવ એવા ગૌરવ પુરસ્કૃત કુશલ દીક્ષિતના શૉ ડિરેકશનમાં મહામહિમ રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે.

અત્રે એ ગૌરવપ્રદ ઉલ્લેખનીય બાબત છે કે જેમાં ૬૦ જેટલા નાટક,નૃત્ય અને લોકનૃત્ય વગેરેનાં ભાવનગરના જ કલાકારો ભાગ લેવા જઈ રહ્યા છે કુશલ દીક્ષિતે આવા અનેક રાષ્ટ્રકક્ષાના, અને રાજયકક્ષાનાં કાર્યક્રમો અનહદ સફળતા પૂર્વક પાર પાડ્યા હોય તેમને ઉસ્તાદ બીસ્મિલ્લાખાં એવોર્ડ, ગુજરાત રાજ્ય ગૌરવ પુરસ્કાર એવોર્ડ તેમજ અતુલ્ય વારસો આઈડેન્ટિટી એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે.

## કુશલ દીક્ષિતના શૉ ડિરેક્શનમાં વાવ-થરાદ ખાતે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમની કરશે પ્રસ્તુતિ

# થોરડી ગામે વાડીમાંથી ડુંગળીના જથ્થાની ચોરી

ભાવનગર,તા.૨૨

વરતેજ પોલીસ તાબાના થોરડી ગામે રહેતા ઘેલાભાઈ નરશીભાઈ કૂચાની વાડીમાં રાખવામાં આવેલ તૈયાર ડુંગળીના ઢગલામાંથી અજાણ્યો ઈસમ ૨૫૦૦ કિલો ગ્રામ ડુંગળી કુ. ૩૭,૫૦૦ ની ચોરી કરી નાસી છૂટયો હતો.આ બનાવ સંદર્ભે નરશીભાઈએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ વરતેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# આડોડીયાવાસના મકાનમાંથી વિદેશી દારૂ મળી આવ્યો

ભાવનગર,તા.૨૨

શહેરના ઘોઘારોડ પોલીસે આડોડીયાવાસ ખાતે રહેતો જીતેશ ઉર્ફે જોન્ટી જશુભાઈ પરમારના રહેણાંકના છાપરામાં દરોડો પાડી વિદેશી દારૂની બોટલ ૨ રૂ.૧૬૦ ની મળી આવતા પોલીસે કબ્જે લઈ જીતેશ ઉર્ફે જોન્ટી વિરૂધ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ગુનો નોધી ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# મહુવાના બંદર રોડ પરથી દારૂની બોટલ સાથે એક ઝબ્બે

ભાવનગર,તા.૨૨

મહુવા ટાઉન પોલીસે બંદર રોડ પર આવેલા કમ્પોઝના ખાડા પાસે દરોડો પાડી ઉભેલા મેહુલ જીતેન્દ્રભાઈ ડોડીયાને અટકાવી તલાશી લેતા વિદેશી દારૂની એક બોટલ રૂ.૧૧૦૦ ની મળી આવતા પોલીસે મેહુલને બાઈક સાથે ઝડપી લઈ તેના વિરૂધ્ધ મહુવા ટાઉન પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ટોપ-થ્રી નજીક આવેલ ભક્તિનગરમાંથી વિદેશી દારૂ ભરેલી ટ્રોલી બેગ મળી આવી

ભાવનગર,તા.૨૨

ભરતનગર પોલીસે ભક્તિનગર-૨માં ભક્તેશ્વર મહાદેવ મંદિર પાછળ દરોડો પાડી તલાશી લેતા એક ટ્રોલી બેગ મળી આવી હતી ટ્રોલી બેગની અંદર તલાસી લેતા વિદેશી - દારૂની ૧૨ બોટલ કિંમત રૂ.૩૫,૨૦૦ ની મળી - આવતા પોલીસે કબ્જે લીધી હતી.આ બનાવ સંદર્ભે પોલીસે હરદીપસિંહ વનરાજસિંહ રાયજાદા વિરુદ્ધ ભરતનગર પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રોલ ઓફ એઆઈ મેકિંગ બિઝનેસ પોસ્ટ અંતર્ગત .૨૯ મીએ સેમિનાર

## સૌરાષ્ટ્ર ચેમ્બર દ્વારા સીઈડીના સહયોગથી આયોજન

ભાવનગર,તા.૨૨

સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન (સીઈડી)ના સંયુક્ત ઉપક્રમે રોલ ઓફ એ.આઈ. ફોર મેકિંગ બીઝનેસ પોસ્ટ વિષય અંતર્ગત સેમીનાર યોજાશે.

હાલના સમયમાં આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સી (છૈં)નો ઉપયોગ દિન પ્રતિદિન વધતો જાય છે. તેથી સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સીઈડીના સંયુક્ત ઉપક્રમે તા.૨૯ને ગુરુવારના રોજ બપોરે ૩:૩૦થી ૫:૩૦ સુધી ૩૧૫-સાગર કોમ્પલેક્ષ, જશોનાથ ચોક, ભાવનગર ખાતે રોલ ઓફ એ.આઈ. ફોર મેકિંગ બીઝનેસ પોસ્ટ તે વિષય અંતર્ગત માર્ગદર્શન સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. આ બીઝનેસ પોસ્ટ દ્વારા વ્યક્તિ પોતાના વ્યવસાય કે પ્રોડક્ટથી લોકોને માહિતગાર કરી શકે છે. આ બીઝનેસ પોસ્ટ કેવી રીતે તૈયાર કરી શકાય તે અંગે નિષ્ણાંત વક્તા શ્રીવિપુલભાઈ સેંતા માર્ગદર્શન આપશે. આ સેમિનારમાં મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી વહેલા તે પહેલાના ધોરણે મોબાઈલ નંબર ૯૨૭૪૧૦૦૮૮૦ પર તા.૨૭.૦૧.૨૦૨૬ સુધીમાં રજીસ્ટ્રેશન કરવામાં આવશે. રજીસ્ટ્રેશન નિશુલ્ક પણ ફરજીયાત છે.

# પી.એમ.સ્વનીધી અંતર્ગત ક્રેડીટ કાર્ડ લોન્ચીંગ અને મેગા ડીસ્બર્સમેન્ટ કાર્યક્રમ યોજાશે

ભાવનગર,તા.૨૨

પી.એમ.સ્વનીધી યોજના અંતર્ગત માન.વડાપ્રધાન અધ્યક્ષસ્થાને તા. ૨૩ના રોજ તીરુવનંતપુરમ, કેરળ ખાતે પી.એમ.સ્વનીધીના ક્રેડીટ કાર્ડ લોન્ચીંગ અને મેગા ડીસ્બર્સમેન્ટ માટેનું કાર્યક્રમ યોજનાર છે. જેના અનુસંધાને ભાવનગર મહાનગરપાલિકા દ્વારા તા. ૨૩/૦૧/૨૦૨૬ ના રોજ ૯:૩૦ કલાકે મોતીબાગ ટાઉનહોલ ખાતે સદર કાર્યક્રમ નું જીવંત પ્રસારણ તેમજ CC ની તાલીમ લોન ડીસ્બર્સમેન્ટ કરવા માટેનું આયોજન કરેલ છે. તમામ શહેરી ફેરીયાઓને તથા નગરજનોને આમંત્રીત કરવામાં આવ્યા છે.

# અક્વાડા વાડીએ પાર્ક કરેલ બાઈક ચોરાયાની ફરિયાદ

ભાવનગર,તા.૨૨

ભાવનગરના અક્વાડા ગમે નવાપરા શેરીમાં રહેતા દીપકભાઈ ભોપાભાઈ દિહોરાએ ઘોઘારોડ પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે તેનું હોન્ડા કંપનીનું ડ્રીમ યુગા મોડેલનું મોસા જેનો રજી નં. જી.જે.૦૪ ડી.જે.૦૬૧૯ ૧૪ જાન્યુઆરીએ પોતાની નાથિયા તળાવ પાસે આવેલી વાડીએ પાર્ક કરેલું હતું ત્યારે કોઈ અજા ણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયેલ આ બનાવ અંગે પોલીસે બીએનએસની કલમ ૩૦૩-૨ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરેલ છે.

# મહાનગરપાલિકા દ્વારા રીડીંગ રૂમ ખુલ્લો મુકાયો

ભાવનગર,તા.૨૨

ભાવનગર મહાનગર પાલિકા દ્વારા બનાવવામાં આવેલ પાનવાડી રીડીંગ રૂમનું લોકાર્પણ મુખ્યમંત્રીના હસ્તે થયેલ છે. પાનવાડી ચોક, પીલગાર્ડન પાસે આવેલ રીડીંગ રૂમનો સવારના ૬થી રાત્રીના ૧૦ દરમિયાન ભાવનગર નગરજનો તથા વિદ્યાર્થીઓ માટે ખુલ્લા મુકવામાં આવે છે. જેનો બહોળી સંખ્યામાં લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

# બાઈક ચાલકે અકસ્માત કરી ઈજા કર્યાની અકવાડાના આધેડની ફરિયાદ

ભાવનગર,તા.૨૨

ભાવનગરના અકવાડાના પટેલફળીમાં રહેતા કિશોરભાઈ ઘેલાભાઈ બારૈયાએ ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવેલ કે બુધવારે સાંજે તેઓ તેના મિત્ર નટુભા ભરતસિંહ ગોહિલ તેનું હોન્ડા લીયો મો.સા. જેના રજી નં. જી-૦૪-ડીજી ૫૫૬૬ ની લઈને મારી જુની મોટર સાયકલ અકવાડા રોડ ઉપર અશોકભાઈ ધરમશીભાઈ ફરસાણા વાળાની સામે ગેરેજમા આપેલ હોય તે લેવા જતો ત્યારે ગેરેજ જવા માટે રોડ ઉપરથી રસ્તો ક્રોસ કરતી વખતે એક સ્પ્લેન્ડર મો.સા. જી ૦૪-ઈદ્ર ૦૩૪૦નો ચાલક તેની મો.સા.જમણા પગ પર આવીને ભટકાડેલ અને નીચે પડતા જમણા ખંભામા ઈજા થયેલ તેમજ કપાળ ઉપર અને આંખમા ઈજા થયેલ આ અંગે પોલીસે બાઈક ચાલાક સામે બીએનએસની કલમ ૨૮૧, ૧૨૫-એ, ૧૨૫-બી તથા મોટર વાહન અધિનિયમ ૧૭૭,૧૮૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરેલ છે.

# લગ્નની લાલચ આપી મહિલા કોન્સ્ટેબલ પર સિહોરના શખ્સે દુષ્કર્મ આચર્યાની ફરિયાદ

## આરોપીએ કોસ્ટેબલના નામે કાર ખરીદી પાંચેક લાખની ઠગાઈ પણ આચરી

ભાવનગર,તા.૨૨

ભાવનગર પોલીસ બેડામાં ફરજ બજાવતી દલીત સમાજની મહિલા કોન્સ્ટેબલે સિહોરના શખ્સ વિરૂદ્ધ દુષ્કર્મની ફરીયાદ નોંધાવતા ભારે ચકચાર મચી જવા પામી છે. મહિલા કોન્સ્ટેબલને લગ્નની લાલચ આપી, શખ્સે અવાર નવાર દુષ્કર્મ આચરી, મહિલા કર્મીના નામે મોંઘી કારની ખરીદી કરી, આશરે પાંચેક લાખ રૂપિયાની ઠગાઇ આચર્યાનું પણપોલીસ ફરિયાદમાં જણાવાયું છે.

ભાવનગર શહેરમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતી એક મહિલા પોલીસ કર્મીને ઈન્સ્ટાગ્રામ મારફતે સિહોરના પંચમુખા મહાદેવ વિસ્તારમાં રહેતા જીગર ચાવડા સાથે પરિચય થયો હતો. બાદમાં તેઓ બંન્ને વચાળે મિત્રાતા બંધાઈ હતી. જે દરમિયાન જીગર ચાવડા નામના શખ્સે મહિલા કોન્સ્ટેબલનો વિશ્વાસ કેળવી લીધો હતો અને મહિલા પોલીસ કર્મીને લગ્ન કરવાની લાલચ આપી, છેલ્લા શ્વાસ સુધી બંન્ને સાથે રહેશે તેવો ખોટો વિશ્વાસ આપ્યો હતો અને મહિલા કોન્સ્ટેબલ પણ તેમના વિશ્વાસમાં આવી જતાં સિહોરના જીગર ચાવડાએ મહિલા કોન્સ્ટેબલને જુદા જુદા સ્થળો પર લઈ જઈ અનેક વખત શારિરીક સંબંધો સ્થાપીત કર્યા હતા. અને બાદમાં મહિલાકોન્સ્ટેબલ સાથે લગ્ન કરવાની મનાઈ કરી. વિશ્વાસઘાત કરતા મહિલા કોન્સ્ટેબલે જીગર ચાવડા વિરૂદ્ધ એટ્રોસીટી એક્ટની જુદી જુદી કલમો તેમજ દુષ્કર્મની કલમો હેઠળ ગંગાજળિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

મહિલા કોન્સ્ટેબલનો વિશ્વાસ કેળવી આરોપી જીગર ચાવડાએ એક વર્ના કાર પણ પોલીસ કર્મીના નામે ખરીદી હતી અને જેના દર માસે લોન પેટે રૂપિયા પોલીસ કર્મીના ખાતામાંથી કપાતા હોવાનું પણ સામે આવ્યું છે અને આરોપીએ આશરે પાંચેક લાખ રૂપિયાની ઠગાઈ કર્યાનું સામે આવ્યું છે.

# જૈન જાગૃતિ સેન્ટર ભાવનગર દ્વારા યોજાયું ગેટ ટુ ગેધર



જેજેસી ભાવનગર દ્વારા રંગોલી રિસોર્ટમાં **A C** હોલમાં મોટી સંખ્યામાં મેમ્બરોના પરિવારો સાથે ડીજે લાઇટિંગ સાથે મ્યુઝિકલ ડાન્સ, રાસ ગરબા, કપલ ડાન્સ અને સાથે ચટાકેદાર ડિન ની મજા માણી.આ પ્રોગ્રામને સફળ બનાવવા કમિટી મેમ્બરો એ જહેમત ઉઠાવી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)